કર્મચારી રાજ્ય વીમા નિગમ
(શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર)
कर्मचारी राज्य बीमा निगम
(श्रम एवं रोजगार मंत्रालय, भारत सरकार)
EMPLOYEES' STATE INSURANCE CORPORATION
(Ministry of Labour & Employment, Govt. of India)

प्रादेशिक कचेरी / क्षेत्रीय कार्यालय / Regional Office
પંચદીપ ભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ – 380014, ગુજરાત
पंचदीप भवन, आश्रम मार्ग, अहमदाबाद – 380014, गुजरात
Panchdeep Bhavan, Ashram Road, Ahmedabad -14, Gujarat
Phone: 079-27582400/450, E-mail: rd-gujrat@esic.nic.in
Website: www.esic.nic.in / www.esic.in

# પ્રેસ નોટ

**વિષય - ક.રા.બી .નિગમ ના સ્થાપના દિવસ (24 ફેબ્રુઆરી 2024) નિમિત્તે વિશેષ સેવા પખવાડિયાનો સમાપન સમારોહ**

ક.રા.બી.નિગમ, પ્રાદેશિક કાર્યાલય, અમદાવાદ (શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર) દ્વારા તેની સ્થાપનાના 73 વર્ષ પૂર્ણ થવાના અવસરે 05 થી 19 ફેબ્રુઆરી 2024 દરમિયાન "વિશેષ સેવા પખવાડિયા"નું આયોજન કરવામાં આવ્યું હતું. પીઆરઓ શ્રી એસ.કે. પાંડેએ જણાવ્યું હતું કે પખવાડિયા દરમિયાન ગુજરાત પ્રદેશની તમામ ક.રા.બી.નિ કચેરીઓ દ્વારા વીમાધારક વ્યક્તિઓ/લાભાર્થીઓ/કામદારોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા માટે ઝુંબેશ ચલાવવામાં આવી હતી. તમામ પ્રકારના બાકી અને વર્તમાન લાભોની ચુકવણી માટે સુવિધા સમાગમ નું આયોજન કરીને મુશ્કેલીઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ યોજના દેશમાં પહેલીવાર 24 ફેબ્રુઆરી, 1952ના રોજ દિલ્હી અને કાનપુરમાં લાગુ કરવામાં આવી હતી અને તત્કાલીન પ્રથમ વડાપ્રધાન શ્રી નેહરુજી આ યોજનાના પ્રથમ આઈ.પી. હતા. આ યોજનાએ 24 ફેબ્રુઆરી, 2024ના રોજ સામાજિક સુરક્ષાના ક્ષેત્રમાં સમર્પિત સેવાના 73 વર્ષ પૂર્ણ કર્યા છે.

- **નીચેના પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.**

*** સેમિનાર/જાગરૂકતા શિબિર/આરોગ્ય ચર્ચા/મૂળભૂત જીવન આધાર શિક્ષણ શિબિર**
*** સુવિધા સમાગમ અને આરોગ્ય તપાસ શિબિર**
*** યોગ અને આયુષ શિબિર**
*** તમામ તબીબી સાધનોને કાર્યરત બનાવવા માટે વિશેષ ઝુંબેશ**
*** આરોગ્ય પ્રદર્શન/આરોગ્ય મેળો**

આ સંદર્ભમાં, 19-02-24 ના રોજ મહાત્મા ગાંધી મજૂર સંસ્થા, મેમનગર, અમદાવાદ ખાતે પખવાડિયાના સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન સુશ્રી મનાલી શાહ, કોર્પોરેશનના સભ્ય અને રાષ્ટ્રીય સચિવ **"SEWA"**, કર્મચારી પ્રતિનિધિ, પ્રાદેશિક પરિષદના સભ્યો, ભારત સરકારના વિવિધ શ્રમ/આરોગ્ય વિભાગના અધિકારીઓ/પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જેની અધ્યક્ષતા પ્રાદેશિક નિયામક શ્રી હેમંતકુમાર પાંડેએ કરી હતી.

આ પ્રસંગે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શ્રી ગૌતમકુમાર, નાયબ નિયામક દ્વારા લાભો અંગે અને શ્રી આર.કે.સિંઘ નાયબ નિયામક એ ગુજરાત પ્રદેશમાં ESIની પદ્ધતિ વિશે પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી હતી.પોતાના સંબોધનમાં, મુખ્ય મહેમાન એ ESI ના અસ્તિત્વ અને ઇતિહાસ પર પ્રકાશ પાડ્યો હતો અને તમામ નોકરીદાતાઓને પ્રથમ દિવસથી જ તેમના નિમણૂક પામેલા કર્મચારીઓની નોંધણી કરાવવા આહવાન કર્યું હતું કે જેથી લાભો મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે અને તેમનું જીવન સામાજિક સુરક્ષા સ્વરૂપે સુરક્ષિત રહી શકે. .શ્રી અશ્વિન પટેલ, ચેરમેન, અમદાવાદ એન્જિનિયરિંગ મેનુ. એસો., શ્રી પુરણ કરીરા, પ્રમુખ, નરોડા, ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશન, શ્રી રાજેન્દ્ર ચુડાસમા, રાજ્ય ઉપાધ્યક્ષ, ભારતીય મજદૂર સંઘ, ગુજરાત પ્રદેશ, શ્રી મુકેશ ભાઈ પટેલ, અધ્યક્ષ, કાઠવાડા ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશન, ઓઢવ દ્વારા ક.રા.બી.નિ ના લાભો વિશે માહિતી મેળવ્યા બાદ પ્રશંસા કરી અને પોતાના વિચારો વ્યક્ત કર્યા.

પ્રમુખ શ્રી, પ્રાદેશિક નિયામક (ઇન્ચાર્જ) એ આ પ્રસંગે દરેકને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે આ કાર્યાલય તેના વીમાધારક/લાભાર્થીઓને સમર્પિત છે. અમે સુવિધા સમાગમ દ્વારા વીમાધારકની મુશ્કેલીઓ દૂર કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરીએ છીએ. **આ પ્રસંગે, મહેમાનોએ લાભાર્થીઓને આશ્રિત લાભ/કાયમી વિકલાંગતાના લાભ સંબંધમાં પેન્શનની રકમ અંગેના સ્વીકૃતિ પત્રો આપ્યા હતા.** કોર્પોરેશનના કર્મચારીઓ દ્વારા ક.રા.બી નિગમ દ્વારા આપવામાં આવતા લાભો સંબંધિત નાટક પણ ભજવવામાં આવ્યું હતું, શ્રી નિખિલ કુમાર,સહાયક નિર્દેશક અને શ્રીમતી સુમન.મંદાની, સહા. નિર્દેશન હેઠળ કરવામાં આવ્યું હતું જેના કારણે વીમાધારકને જાગૃત થવાની તક મળી.આ સાથે પ્રાદેશિક નિયામકએ ઉપસ્થિત તમામ મહેમાનો અને ઉપસ્થિત લોકોના સમૂહનો આભાર માન્યો હતો. મંચનું સંચાલન જનસંપર્ક અધિકારી શ્રી એસ.કે.પાંડેએ કર્યું હતું.

**સંત કુમાર પાંડે**
**સહાયક નિર્દેશક (જનસંપર્ક)**

